**યુનિવર્સિટી કોર્ટ પરની સામાન્ય ચૂંટણીઓની જાહેરાત સ્ટેચ્યુટ–૫ (૪) અન્વયે**

**જાહેરાત ક્રમાંક :૪૨/૨૦૨૨**

યુનિવર્સિટી કોર્ટ પરની સામાન્ય ચૂંટણીઓ અંગે યુનિવર્સિટી કાર્યાલયની તારીખ : ૦૩ નવેમ્બર, ૨૦૨૨ ના રોજ વર્તમાનપત્રોમાં કરવામાં આવેલ જાહેરાતના અનુસંધાનમાં આથી આ જાહેરાત ધ્વારા જણાવવામાં આવે છે કે,

૧. યુનિવર્સિટી વિસ્તારની માધ્યમિક શાળાઓના શિક્ષકોના મતદાર વિભાગની બેઠક–**૦૧** અને હેડમાસ્તરોના મતદાર વિભાગની બેઠક–**૦૧** તથા યુનિવર્સિટી અને યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના દાતાઓના મતદાર વિભાગની બેઠકો–**૦૨** માટે લેખીત માંગણી કર્યાથી ઉમેદવારી પત્રો કોઈપણ મતદારને તા.૨૪/૧૧/૨૦૨૨થી આપવામાં આવશે, **ઉમેદવારીપત્રો સ્વિકારવાની છેલ્લી** તા.૨૮/૧૧/૨૦૨૨ ને સમય સાંજના ૪–૦૦ કલાક સુધી, **ઉમેદવારીપત્રોની ચકાસણી** તા.૨૯/૧૧/૨૦૨૨ ને સમય સાંજના ૪–૩૦ કલાકે અને **ઉમેદવારી પાછી ખેચવાની** તા.૩૦/૧૧/૨૦૨૨ ને સમય સાંજના ૪–૩૦ કલાક સુધીનો રહેશે. આ ચૂંટણીના મતપત્રો યુનિવર્સિટી કાર્યાલયમાં **પહોચાડવાની છેલ્લી** તા.૧૬/૧૨/૨૦૨૨ને સમય સાંજના ૫–૦૦ કલાક સુધીનો સમય નિયત કરવામાં આવેલ છે. આ ત્રણેય મતદાર વિભાગોની **ચૂંટણી ટપાલ ધ્વારા** યોજવામાં આવશે.

૨. તા.૦૩/૧૧/૨૦૨૨ના રોજ બહાર પાડવામાં આવેલી તથા સ્ટેચ્યુટ–૫(૩) મુજબ સુધારેલી ઉપર જણાવેલ મતદાર વિભાગોની મતદાર યાદીઓમાં જેમના નામો હશે, તેઓ જ ઉપરોકત જે તે મતદાર વિભાગોની ચૂંટણીઓમાં મતદાન કરી શકશે તથા તેઓ જ ઉમેદવારી કરી શકશે. ઉમેદવારી પત્રમાં માગેલી પૂર્ણ માહિતી આપવામાં નહી આવેલી હોય તો તે ઉમેદવારી પત્ર રદ બાતલ થવા પાત્ર બનશે.

૩. સ્ટેચ્યુટ–૧૬ અન્વયે દાતા/પ્રતિનિધિઓની મતદારયાદી તથા અન્ય મતદાર વિભાગોની મતદાર યાદીઓ યુનિવર્સિટી કાર્યાલયમાંથી વેચાણથી મળી શકશે.

૪. યુનિવર્સિટી ધારાની કલમ–૭૩ મુજબ ઉપરોકત ચૂંટણી પ્રપોર્શનલ રિપ્રેઝન્ટેશન બાય મિન્સ એ સિંગલ ટ્રાન્સફરેબલ વોટની: એકડા–બગડાવાળી : પધ્ધતિ અનુસાર ટપાલ ધ્વારા કરવામાં આવશે અને આ પધ્ધતિ અનુસાર: (૧) પ્રત્યેક મતદારને એક સંક્રામ્ય (ટ્રાન્સફરેબલ) મત આપવાનો અધિકાર રહશે, અને (૨) (અ) જે ઉમેદવારમાટે મત આપવામાં આવે, તે ઉમેદવારના નામની સામે મતપત્રકમાં ૧ સંખ્યા મતદારે મૂકવી આવશ્યક છે. (બ) વધારામાં પોતાની પસંદગીના બીજા ઉમેદવારોના નામ ની સામે ૨,૩,૪,૫ અને તે પછીની સંખ્યા ક્રમાંક પ્રમાણે દર્શાવી શકાશે.

૫. ઉમેદવારીપત્રોની ચકાસણી થયા બાદ જે તે પરિસ્થિતિની જાહેરાત યુનિવર્સિટી કાર્યાલયના નોટીસ બોર્ડ ઉપર કરવામાં આવશે.

૬. આ યુનિવર્સિટી તરફથી મોકલવામાં આવનાર મતપત્ર પર પ્રત્યેક મતદારે પોતાનો મત નોંધવાનો રહેશે, તેમજ સ્ટેચ્યુટ–૩૦ મુજબ તે મતપત્ર ઓળખપત્ર સાથે કુલસચિવશ્રીને મોડામાં મોડું **તા.૧૬/૧૨/૨૦૨૨ના સાંજના ૫–૦૦ વાગ્યા** સુધીમાં મળે તે રીતે યુનિવર્સિટી કાર્યાલયમાં પરત કરવાનું રહેશે.

૭. જો કોઈપણ મતદારને મતપત્ર અને સંબંધિત કાગળો કોઈપણ કારણસર ન મળ્યા હોય અગર ખોવાઈ ગયા હોય,અગર બગડી ગયેલ હોય તો એ મતલબની મતદારની પોતાની સહીવાળી અને સ્ટેચ્યુટ–૩૧માં જણાવ્યા પ્રમાણેની સહી સાક્ષી કરેલી અરજી યુનિવર્સિટી કાર્યાલયમાં **મોડામાં મોડી તા.૧૨/૧૨/૨૦૨૨** સુધીમાં કરવાથી ડુપ્લીકેટ મતપત્ર આપવામાં આવશે. આવી અરજી નિયત કરેલી **તા.૧૨/૧૨/૨૦૨૨** પછીથી આવી હશે તો તેના પર કોઈ વિચારણા થઈ શકશે નહિ.

સ્થળ : પાટણ
તારીખ: ૧૬/૧૧/૨૦૨૨

આદેશથી
ડૉ.આર.એન.દેસાઈ
કા.કુલસચિવ